ઈમાનના સ્તંભો

એક મુસલમાનની આસ્થા ખૂબ જ દૃઢ અને મજબૂત હોય છે. આસ્થા વાસ્તવમાં એ મૂળભૂત પ્રેરક-બળ હોય છે, જેનાથી જીવનનું પ્રત્યેક પાસું પ્રભાવિત થાય છે. આસ્થાની જ એ શક્તિ હોય છે, જે માનવીને સક્રિય રાખે છે અને કાર્ય માટે પ્રેરિત કરે છે, અને તેને હર પળ ગતિશીલ રાખે છે. આ જ સાચી આસ્થાની શિક્ષા આપવા અને પરિચય કરાવવા માટે અલ્લાહ તઆલાએ પયગંબરો અને ઈશદૂતો તેમજ ગ્રંથો અને વહી (દિવ્ય પ્રકાશના)નો ક્રમ શરૂ કર્યો. આસ્થાના અનુસંધાનમાં માનવીના બે સમૂહો છે. પહેલો સમૂહ એ છે, જે સાચી આસ્થા અપનાવીને શાંતિ અને સંતોષનું જીવન આ દુનિયામાં વીતાવે છે અને આખિરત (પરલોક)માં પણ અલ્લાહની અનંત બક્ષિસો અને કૃપાઓનો હક્કદાર બને છે. બીજો સમૂહ એ છે, જે ખોટી આસ્થા અપનાવીને દુનિયામાં પણ નિષ્ફળ અને નિરાશ થાય છે તથા આખિરતમાં પણ અલ્લાહની યાતનાને પાત્ર ઠરે છે. એ કેવળ રસૂલે અકરમ હઝરત મુહમ્મદ ﷺ ની મહાન હસ્તી છે, જેમનાથી આસ્થાની સાચી સમજ અને પરિચય મળી શકે છે. આપ ﷺ એ જ માનવીઓની સામે સાચી આસ્થાના છુપાયેલા પાસાઓને ખોલ્યા છે અને તે આ પ્રમાણે છે : અલ્લાહ પર ઈમાન, અલ્લાહના ફરિશ્તાઓ પર ઈમાન, અલ્લાહના ગ્રંથો પર ઈમાન, અલ્લાહના રસૂલો પર ઈમાન, આખિરત પર ઈમાન, ભાગ્ય પર ઈમાન. ઈમાનના આધારો પર જે વ્યક્તિ અડગ થઈ ગયો, તેની હકીકતને જેણે હૃદયના ઊંડાણ સુધી ઉતારી લીધી, જીવનભર તેના તકાદાઓને પૂરા કરતો રહ્યો અને હર પળ તેની શુદ્ધતા અને સ્વસ્થતાની કાળજી કરતો રહ્યો, તો જાણે તેણે શિર્ક (અનેકેશ્વરવાદ)ની વિનાશકતાથી મુક્તિ મેળવી લીધી. તે દુનિયામાં પણ સુખી-સંપન્ન રહ્યો અને પરલોકમાં પણ અલ્લાહની કૃપાઓને પાત્ર ઠરશે. કોઈપણ સ્થિતિમાં સાચી આસ્થા પર અડગતા શું ચમત્કાર બતાવતી હતી તેને આવો, આ ઘટના દ્વારા જાણીએ ! કહે છે કે પહેલાના યુગમાં એક ક્રૂર અને અત્યાચારી બાદશાહ હતો. તેના અહંકારની સ્થિતિ એ હતી કે તેણે પોતે ખુદા (ભગવાન) હોવાનો દાવો કર્યો હતો. તેના દરબારમાં એક વૃદ્ધ જાદૂગર હતો. એક દિવસે જાદૂગરે બાદશાહને કહ્યું : ''જહાંપનાહ ! હું વૃદ્ધ થઈ ચૂક્યો છું. હવે જીવનનો દીપક બુઝાઈ રહ્યો છે. હું ઈચ્છું છું કે જાદુની આ કળા હુઝૂરના દરબારમાં મારા પછી બાકી રહે. મને કોઈ હોશિયાર છોકરો આપો કે હું તેને મારી કળા શીખવાડી શકું. બાદશાહને આ વાત પસંદ પડી. તેણે એક હોશિયાર અને પ્રતિભાશાળી છોકરાને જાદૂગરની સાથે કરી દીધો. જાદૂગરના ઘરના રસ્તે જતાં એક દેવળ આવતું હતું. તેમાં એક ઉપાસક વૃદ્ધ તપસ્વી રહેતો હતો. એક દિવસે છોકરો ત્યાંથી પસાર થતાં તપસ્વીની પાસે જઈ પહોંચ્યો. તેની વાતો સાંભળી, ખૂબ સારી લાગી. હવે છોકરો દરરોજ તપસ્વી પાસે બેસવા લાગ્યો. આ બાજુ જાદૂગર તેને જાદુ શીખવાડતો અને પેલી બાજુ તપસ્વી તેને તૌહીદ (એકેશ્વરવાદ), ઈમાન અને તેનાથી સંબંધિત વાતો શીખવાડતો. ભલાઈ અને બૂરાઈનો સંઘર્ષ છોકરાના હૃદયમાં શરૂ થઈ ગયો. એક દિવસે છોકરાના ગામમાં એક ભયાનક હિંસક પશુ આવી ઘૂસ્યું. ગામવાસીઓ ડરના માર્યા ઘરોમાં બંધ થઈ ગયા.

છોકરાના મનમાં થયું કે સારી તક છે એ જાણવાની કે તપસ્વી સાચો છે કે જાદૂગર ? તેણે એક પથ્થર ઉઠાવ્યો અને અલ્લાહ તઆલાથી દુઆ કરી કે હે અલ્લાહ ! જો તપસ્વી સાચો છે તો આ પથ્થરથી આ હિંસક પશુને મારી નાખ. આમ કહીને તેણે હિંસક પશુને પથ્થર માર્યો. અલ્લાહનું કરવું કે હિંસક પશુ મરી ગયું. છોકરાએ આવીને તપસ્વીને આખી વાત કહી સંભળાવી. તપસ્વી ખૂબ ખુશ થયો અને છોકરાનું સ્થાન અને દરજ્જો તેની નજરમાં વધી ગયો. આતિથ્ય-સત્કાર પછી તપસ્વી બોલ્યો : ''હે મારા પુત્ર ! તું મારાથી શ્રેષ્ઠ છે. અલ્લાહ તારા હાથથી મોટી-મોટી નિશાનીઓ પ્રગટ કરશે અને તારા ઈમાનની પરીક્ષા પણ લેશે.'' તપસ્વીએ તેને શિખામણ આપતાં કહ્યું કે કોઈના સામે કદાપિ જાહેર ન કરજે કે મેં તને તૌહીદ (એકેશ્વરવાદ) અને ઈમાનનું શિક્ષણ આપ્યું છે. જો કોઈને ખબર પડી ગઈ તો બાદશાહ કઠોર સજા આપશે. હવે છોકરો અલ્લાહની આજ્ઞાથી રોગીઓને સાજા કરવા લાગ્યો. રક્તપિત્તીયાઓના શરીર પર હાથ ફેરવતો તો તેઓ સાજા-સમા થઈ જતાં. જન્મજાત અંધ લોકો તેના દ્વારા આંખોવાળા થઈ જતાં. બાદશાહના દરબારમાં એક દરબારી આંધળો હતો. જ્યારે તેણે છોકરાનો આ ચમત્કાર જોયો તો અસંખ્ય કીમતી ભેટ-સોગાદો લઈને છોકરાની પાસે હાજર થયો અને કહ્યું કે આ બધી દોલત હું તને આપી દઉં છું, એ શરતે કે તું મારી આંખોમાં દૃષ્ટિ લાવી દે. છોકરાએ એ દરબારીને જવાબ આપ્યો કે હું રોગ-મુક્ત નથી કરતો, બલ્કે અલ્લાહ રોગ-મુક્ત કરે છે. જો તમે તેના પર ઈમાન લઈ આવો, તો હું તેનાથી દુઆ કરું છું, ચોક્કસ તે રોગ-મુક્ત કરશે. બાદશાહના દરબારીએ અલ્લાહ પર ઈમાનનો સ્વીકાર કર્યો. છોકરાએ દુઆ કરી અને તે સારો થઈ ગયો. બીજા દિવસે જ્યારે દરબારી બાદશાહના રૂબરૂ હાજર થયો, તો બાદશાહને ખૂબ આશ્ચર્ય થયું, પૂછ્યું : ''તારી આંખોમાં દૃષ્ટિ કેવી રીતે આવી ગઈ ?'' દરબારી ઈમાનનો સ્વીકાર કરી ચૂક્યો હતો, તેથી જવાબ આપ્યો, ''મારા રબે (પ્રભુ-પાલનહારે) મને દેખતો કરી દીધો.'' બાદશાહે કહ્યું કે મારા સિવાય પણ કોઈ તારો રબ છે ? દરબારીએ અત્યંત શાંતિથી કહ્યું કે મારો અને તમારો રબ અલ્લાહ તઆલા છે. જવાબ સાંભળીને બાદશાહ ખૂબ ક્રોધિત થયો. બાદશાહના આદેશથી દરબારીને કેદ કરી લેવામાં આવ્યો. ખૂબ યાતનાઓ આપવામાં આવી. છેવટે તેણે છોકરાનું ઠેકાણું બતાવી દીધું. છોકરાને પકડવા માટે બાદશાહે લશ્કર રવાના કર્યું. છોકરાને પકડી લેવામાં આવ્યો. તેને પણ કઠોર સજાઓ આપવામાં આવી, ત્યાં સુધી કે તેણે તપસ્વીનું ઠેકાણું બતાવી દીધું. તપસ્વીને પણ દરબારમાં હાજર કરવામાં આવ્યો. બાદશાહે તપસ્વીને કહ્યું કે પોતાના દીન (ધર્મ)થી ફરી જાઓ. પરંતુ તપસ્વીએ ઇન્કાર કરી દીધો. બાદશાહે કરવતથી ચીરીને તેના બે ટુકડા કરાવી દીધા. દરબારીને પોતાના ધર્મથી ફરી જવાનો હુકમ આપવામાં આવ્યો. તેણે પણ ઇન્કાર કરી દીધો. તેને પણ બાદશાહના હુકમથી ચીરી નાખવામાં આવ્યો. છેવટે છોકરાને બોલાવવામાં આવ્યો અને તેને પણ ધર્મથી ફરી જવાનો આદેશ આપવામાં આવ્યો. છોકરાએ પણ ઇન્કાર કરી દીધો. બાદશાહે કોપાયમાન થઈને પોતાના સૈનિકોને હુકમ આપ્યો કે આને લઈ જાઓ અને પહાડની ટોચ પર પહોંચીને તેને કહો કે પોતાના ધર્મનો ત્યાગ કરી દે, જો હા કહે તો પાછા લઈ આવો, નહિં તો ત્યાંથી જ ધકેલી દો. આમ, સૈનિકો પહાડના શિખર પર

www.uzairfalahi.com

તેને લઈ ગયા. છોકરાએ અલ્લાહ તઆલાને દુઆ કરી કે હે અલ્લાહ ! આ લોકો જે કંઈ ઇચ્છે છે, તેમાં તેમને કદાપિ સફળ ન કર અને મારી મદદ કર. છોકરાનું દુઆ માંગવું હતું કે પહાડ હલવા લાગ્યો. બધા સૈનિકો પડી ગયા. છોકરો સુરક્ષિત પહાડની નીચે ઉતર્યો અને બાદશાહની સામે હાજર થયો. બાદશાહે પૂછ્યું કે મારા સૈનિકો ક્યાં ગયા ? છોકરાએ કહ્યું કે અલ્લાહ તઆલાએ તેમના વિરુદ્ધ મારી મદદ કરી. છોકરાની વાતો સાંભળીને બાદશાહ ખૂબ નારાજ થયો. તેણે બીજા સૈનિકોને બોલાવ્યા અને કહ્યું કે આને લઈ જાઓ, હોડીમાં બેસાડો અને મજધારમાં જઈને પૂછો કે શું તે હજુ પણ પોતાના ધર્મ પર યથાવત છે ? જો હા કહે તો હોડી પલટાવી નાખજો. બાદશાહના હુકમના પાલનમાં સૈનિકોએ એવું જ કર્યું. સમુદ્રના વચ્ચો-વચ્ચ પહોંચીને છોકરાએ ફરી એ જ દુઆ કરી. અલ્લાહે દુઆ કબૂલ કરી. હોડી પલટી ખાઈ ગઈ અને બધા સૈનિકો ડૂબી ગયા અને અલ્લાહની આજ્ઞાથી છોકરો બચી ગયો. આ ઘટના પછી છોકરાએ વિચાર્યું કે આ ધરતી પર છેલ્લો ઈમાનવાળો હું જ બચ્યો છું. તપસ્વી અને દરબારી પહેલા જ શહીદ થઈ ચૂક્યા છે. **મારા પાસે ઈમાનની અમાનત છે, તેને બીજા લોકો સુધી પહોંચાડવી મારી જવાબદારી છે.** આ જવાબદારીને પૂરી કરવાનો એક ઉપાય તેના મનમાં આવ્યો. તે બાદશાહની પાસે ગયો અને કહ્યું કે હે બાદશાહ ! તમે મને આવી રીતે મારી શકતા નથી. જો મારી નાખવા જ માંગો છો તો હું તમને એક ઉપાય બતાવું છું. છોકરાની વાત સાંભળીને બાદશાહને ખૂબ આશ્ચર્ય થયું કે આ તો પોતે જ મોતના મુખમાં જવા તૈયાર છે ! બાદશાહે પૂછ્યું કે એ ઉપાય શું છે ? છોકરાએ કહ્યું કે તે ઉપાય એ છે કે એક મોટા મેદાનમાં શહેરના તમામ લોકોને એકઠા કરો અને મને એક ક્રોસ પર એ રીતે બાંધી દો કે બધા લોકો મને જોઈ શકે. પછી મારા આ તીરોને લો, કમાનમાં ચઢાવો અને ઊંચા અવાજથી એમ કહો કે – ‘‘અલ્લાહના નામથી જે આ છોકરાનો રબ છે.’’ – પછી તીર મારો. આ રીતે જો કરશો તો હું મરી જઈશ. બાદશાહ યેનકેન પ્રકારે તેને પોતાના રસ્તેથી હટાવવા માગતો હતો. તેણે આ ઉપાય મંજૂર કરી લીધો. વિશાળ મેદાનમાં લોકો એકઠા થયા, છોકરાને ક્રોસ પર બાંધી દેવામાં આવ્યો. ઉપાયમાં દર્શાવ્યા મુજબ તીર મારવામાં આવ્યું, જે છોકરાને વાગ્યું. છોકરાના મરતાં જ બધા લોકો પોકારી ઉઠ્યા : ‘‘અમે આ છોકરાના રબ પર ઈમાન લાવ્યા, અમે આ છોકરાના રબ પર ઈમાન લાવ્યા.’’ બાદશાહ જેનાથી ડરતો હતો, છેવટે એ જ થઈને રહ્યું. (મુસ્લિમ)

અલ્લાહ તઆલા પર ઈમાન :

ઈમાનનો આ પહેલો સ્તંભ છે. ‘હદીસે જિબ્રઈલ’માં આની સમજૂતી આ પ્રમાણે કરવામાં આવી છે કે રસૂલુલ્લાહ ﷺ ને જિબ્રઈલ ؑ એ ઈમાન વિશે પૂછ્યું, તો આપ ﷺ એ જવાબ આપ્યો :

« أَنْ تُؤْمِنَ بِاللَّهِ, وَمَلَائِكَتِهِ وَكُتُبِهِ، وَرُسُلِهِ، وَالْيَوْمِ الْآخِرِ، وَتُؤْمِنَ بِالْقَدَرِ خَيْرِهِ وَشَرِّهِ »

અનુવાદ : ‘‘અલ્લાહ પર, તેના ફરિશ્તાઓ પર, તેના ગ્રંથો પર, તેના રસૂલો પર, આખિરત (પરલોક)ના દિવસ પર અને સારા-ખરાબ ભાગ્ય પર ઈમાન લાવો.’’ (મુસ્લિમ)

www.uzairfalahi.com

અલ્લાહ પર ઈમાન જ ઈસ્લામનો આત્મા છે અને ઈસ્લામી આસ્થાનો મૂળભૂત સ્તંભ છે. અલ્લાહ પર ઈમાનનો અર્થ એ છે કે એક મુસલમાન એ શ્રદ્ધા રાખે કે આ સૃષ્ટિમાં માત્ર અલ્લાહ જ દરેક વસ્તુનો રબ (પ્રભુ-પાલનહાર) છે, તેના સિવાય કોઈ રબ નથી. એ જ દરેક વસ્તુનો સર્જનહાર છે, તેના સિવાય કોઈ સર્જનહાર નથી. એ જ જીવન અને મૃત્યુ આપનાર છે. લાભ કે નુકસાન પહોંચાડવાવાળી હસ્તી કેવળ એ જ છે. એ જ એક માત્ર બંદગી અને ઈબાદત (પૂજા-અર્ચના, ઉપાસના, સ્તુતિ)નો અધિકારી છે. એ શ્રદ્ધા પણ જરૂરી છે કે તેની જાત પ્રત્યેક સારા ગુણોથી સુશોભિત તથા દરેક ખામી અને ત્રુટિથી પવિત્ર છે.

www.uzairfalahi.com